# ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સેન્ટર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮૧૧૦

**વંચાણે લીધા:**
૧) અત્રેની કચેરીનો પરિપત્ર નં : આકૃયુ/ડીઆઇટી/૩૪-૩૯/૨૦૨૨, તા.૦૫/૦૮/૨૦૨૨
૨) અત્રેની કચેરીનો પરિપત્ર નં : આકૃયુ/ડીઆઇટી/૨૮૪-૮૮/૨૦૨૨, તા.૦૫/૦૮/૨૦૨૨

## પરિપત્ર

**" આઈ. ટી. ને લગતી વસ્તુઓની GeM પર બીડ મારફત ખરીદી કરવા બાબત"**

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પરિપત્રોથી GeM પોર્ટલ પર આઈ.ટી. ને લગતી વસ્તુઓની ખરીદી કરવા આઈ. ટી. સમિતિની રચના કરવામાં આવેલ હતી. સદર બાબતે જણાવવાનું કે હવે પછીથી (૧) રૂ.૨૫,૦૦૦/- થી વધારેની આઈ. ટી.ને લગતી તમામ ખરીદી (૨) આઈ. ટી. ને લગતી તમામ નોન-રિકરીંગ આઇટમો (૩) નેટવર્કીંગ સ્વિચ તથા (૪) નેટવર્ક કેમેરા GeM પરથી ખરીદ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧) દર મહિનાની તા.૦૧ થી ૧૦ સુધીમાં જે તે યુનિટ/સબ યુનિટ વડાએ આઈ. ટી. ને લગતી તમામ નોન-રિકરીંગ આઇટમો, નેટવર્કિંગ સ્વિચ તથા નેટવર્ક કેમેરા ખરીદવા સ્પેસિફિકેશન નક્કી કરીને નિયામકશ્રી(આઈ. ટી.) ની કચેરીએ મોકલી આપવાના રહેશે.
૨) સ્પેશિફિકેશન અંગેની માહિતી ફરજિયાત પણે નીચે દર્શાવેલ પર્ફોમા પ્રમાણે હાર્ડ કોપીમાં નિયામકશ્રી(આઈ.ટી) ની કચેરીએ મોકલવાનીરહેશે.

| વસ્તુનું નામ.........................................................ગ્રાન્ટ(રૂ.)........................................... | | | |
|---|---|---|---|
| ક્રમ | સ્પેશીફિકેશન | | કમિટીની રીમાર્ક્સ |
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |

૩) સદર સ્પેશિફિકેશનનો કમિટી દ્વારા અભ્યાસ કરીને મંજૂર અથવા જરૂર જણાય ત્યાં સુધારો કરીને મંજૂર કરવાના રહેશે.
૪) સદર સ્પેશિફિકેશન આધારે સબંધિત યુનિટ/સબયુનિટ વડાશ્રીએ પોતાની કચેરીના GeM એકાઉન્ટમાંથી ફક્ત બીડ દ્વારા વસ્તુ ખરીદ કરવા કાર્યવાહી કરવાની રહેશે.
૫) જે તે યુનિટ/સબયુનિટ વડાશ્રીએ ખરીદીની ફાઇલ તૈયાર કરીને નિયામકશ્રી(આઈ. ટી.)ની તાંત્રિક મંજૂરી મેળવીને સક્ષમ અધિકારીશ્રીની સ્ટેચ્યુટરી પ્રક્રિયા મુજબ વહીવટી/નાણાકીય મંજૂરી મેળવવાની રહેશે.
૬) રૂ.૨૫,૦૦૦/- કે તેથી ઓછી ખરીદી માટે જે તે યુનિટ/સબયુનિટ વડા યુનિવર્સિટી તથા સરકારશ્રીના નિયમોનુસાર ખરીદી કરી શકશે.
૭) BOQ બીડ-૧, ૨ તથા PAC બીડના સ્પેશીફીકેશન અગાઉ કમીટી દ્વારા મંજુર થયેલ હોઈ, સદર બીડ અન્વયે કોઈ વસ્તુની ખરીદી બાકી રહી ગયેલ હોય તો જે તે યુનિટ/સબ યુનિટ વડાએ GeM મારફત પોતાના એકાઉન્ટમાંથી બીડ કરીને ખરીદી પુર્ણ કરવી તથા તે માટે નિયામકશ્રી (આઈ.ટી.) ની તાંત્રિક મંજુરી ફરી મેળવવાની રહેતી નથી.
૮) જે યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓ દ્વારા BOQ બીડ-૩ માટે નિયામકશ્રી(આઈ.ટી.) ની કચેરી ખાતે વિગત મોકલેલી હોઈ તેઓએ ઉપરોક્ત દર્શાવેલ કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે તથા તેઓએ ફરીથી દિન-૧ થી ૧૦ માં ઉપરોક્ત દર્શાવેલ વિગતે સ્પેશીફીકેશન નિયામકશ્રી(આઈ.ટી.) ની કચેરીએ મોકલી આપવાના રહેશે.

**ઉપરોક્ત પરિપત્ર નોંધ પર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવ્યા બાદ જારી કરવામાં આવે છે.**

જા.નં.આકૃયુ/ડીઆઇટી/૪૭૪-૭૭/૨૦૨૨
તા. ૨૨/૧૨/૨૦૨૨

નિયામક
ઈન્ફોર્મેશન ટેક્નોલોજી

**<u>નકલ રવાના:</u>**
(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.
(૨) માન. સંશોધન નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.
(૩) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ અમલ સારૂ.
(૪) ઉક્ત સમિતિના તમામ સભ્યોશ્રી તરફ જાણ તથા ઘટતું કરવા સારૂ.